પ્રકરણ : ૧

વિષય પ્રવેશ અને સંશોધન સમસ્યા

૧.૧ પ્રસ્તાવના

જ્ઞાનને શકિતના સ્વરૂપમાં સ્વીકારવામાં આવેલ છે. વિશ્વના ઝડપથી બદલાઈ રહેલા વાતાવરણમાં જ્ઞાનનું સર્જન, આદાન–પ્રદાન અને તેનો નિરંતર ઉપયોગ જ વિશ્વની પ્રગતિનો મુખ્ય માર્ગ છે. આજે માહિતી ટેકનોલોજીના યુગમાં જ્ઞાન ધ્વારા પ્રત્યેક ક્ષેત્રે વિકાસ, ઉન્નતી, આર્થિક સધ્ધરતા, અવરોધોમાં ઘટાડો, માનવ સંસાધન, સંચાલન, વ્યવસ્થાપન વિગેરેનો વિકાસ કરવો સહજ બન્યો છે જેથી આજના યુગમાં આગળ રહેવા માટે ચોકકસપણે જ્ઞાનના સર્જનની આવશ્યકતા રહે છે, પ્રત્યેક સંસ્થા અને સંગઠનોએ વિશ્વની સતત ચાલતી પ્રતિસ્પર્ધામાં આગળ રહેવા જ્ઞાનના સર્જન માટે વિવિધ શોધકાર્ય કરતાં રહી પ્રયત્નશીલ રહેવુ પડે છે.

૧.૨ સમસ્યા કથન

યુનિવર્સિટીઓને કેન્દ્ર સરકાર તરફથી જુદા–જુદા હેતુઓ માટેની સહાય યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન મારફત આપવામાં આવે છે, ઉચ્ચશિક્ષણના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન જે અનુદાન આપે છે તેના ધ્વારા જ યુનિવર્સિટીઓનો મહત્તમ વિકાસ છેલ્લા બે–ત્રણ દાયકાથી જોવા મળ્યો છે. જેમાં મહત્તમ જોગવાઈ યુનિવર્સિટીના હ્રદય સમાન ગ્રંથાલય માટે કરે છે. યુનિવર્સિટીમાં શોધ, શિક્ષણ અને પ્રકાશન તેમજ અન્ય શૈક્ષણિક કાર્યો માટે ગ્રંથાલય મહત્વનું સ્થાન ધરાવે છે. તેમ છતાં મહત્તમ યુનિવર્સિટીઓ તેના ગ્રંથાલયો માટે નાણાંકીય ભંડોળ ઉપલબ્ધ કરાવવા કે પછી પ્રશિક્ષિત માનવધન ઉપલબ્ધ કરાવવા માટે હંમેશા ઉદાસીન રહે છે. યુનિવર્સિટીઓ પોતાના અંદાજપત્રમાં ગ્રંથાલયો માટે જે નાણાંની જોગવાઈ કરે છે તે તેના વિકાસ માટે અપર્યાપ્ત જણાય છે. ગ્રંથાલયોના સુચારુ સંચાલન માટે નાણાંની જોગવાઈ અને તેની જરૂરીયાત કેન્દ્રમાં રાખી અંદાજપત્રનો તુલનાત્મક અભ્યાસ કરવા હેતુ પ્રસ્તુત શોધ નિબંધની સમસ્યા નિયત કરી નીચે મુજબનું શીર્ષક પસંદ કરી શોધ નિબંધ રજુ કરેલ છે.

" ગુજરાત રાજયની અનુદાનિત યુનિવર્સિટીઓ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયોને ફાળવવામાં આવેલ અંદાજપત્રનો તુલનાત્મક અભ્યાસ".

૧.૩ સંશોધન સમસ્યાના શબ્દોનું સ્પષ્ટીકરણ

(૧) ગુજરાત રાજય

ગુજરાત રાજય એટલે ભારતનું એક સમુધ્ધ રાજય, જે ભારતનાં ઉત્તર–પશ્ચિમ ભાગમાં આવેલું છે. પશ્ચિમ અને દક્ષિણ–પશ્ચિમમાં અરબી સાગર, પશ્ચિમોત્તર પાકિસ્તાન, ઉત્તરમાં રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ, દક્ષિણ–પૂર્વમાં મહારાષ્ટ્રની સરહદોથી અને દક્ષિણમાં દમણ અને દાદરા નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશોથી ઘેરાયેલું છે. તેનો સાગર કિનારો ૧૫૯૬ કિમી લાંબો છે. રાજયનું ક્ષેત્રફળ ૧,૯૬,૦૨૪ વર્ગ કિમી છે, રાજયોના વિસ્તારની દ્રષ્ટિએ તે છઠ્ઠા ક્રમે આવે છે. ૧૯૪૭માં ભારત દેશને સ્વતંત્રતા મળ્યા બાદ, ગુજરાત રાજયને તેનું વર્તમાન સ્વરૂપ ૧૯૬૦માં મળ્યું હતું.

(૨) અનુદાનિત યુનિવર્સિટીઓ

ગુજરાત રાજયની કુલ યુનિવર્સિટીઓની આંકડાકીય માહિતી નીચે દર્શાવેલ છે.

ગુજરાતની યુનિવર્સિટીઓ	સંખ્યા
રાજયની અનુદાનિત યુનિવર્સિટીઓ	૨૩
કેન્દ્રિય યુનિવર્સિટીઓ	૦૩
ડિમ્ડ યુનિવર્સિટીઓ	૦૨
ખાનગી યુનિવર્સિટીઓ	૧૭
આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ	૦૬
સંશોધનક્ષેત્રની અનુદાનિત યુનિવર્સિટીઓ	૦૭

(૩) યુનિવર્સિટી ગ્રંથાલયો

અભ્યાસક્ષેત્રના સંબંધમાં અહીં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગનું અનુદાન પ્રાપ્ત ગુજરાત રાજયની સાત યુનિવર્સિટી ગ્રંથાલયો અભિપ્રેત છે.

(૪) અંદાજપત્ર

અંદાજપત્ર સંસ્થાના નકકી કરેલા ધ્યેય અને લક્ષ્યાંકોને સિધ્ધ કરવા માટે તૈયાર કરવામાં આવે છે. તે નાણાંકીય વર્ષ ૧લી એપ્રિલ થી ૩૧મી માર્ચ સુધીના સમયગાળાને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવે છે, ટુંકમાં કોઈપણ સંસ્થાની આગામી વર્ષનું આવક–જાવકનું આયોજન એટલે અંદાજપત્ર.

(૫) તુલનાત્મક

તુલનાત્મક શબ્દોને બૃહદ ગુજરાતી કોશમાં એવો અર્થ દર્શાવવામાં આવ્યો છે કે, જેમાં એકથી વધારેવસ્તુઓ વગેરેની સરખામણી કરવામાં આવે તેવુ એટલે તુલનાત્મક.

(૬) અભ્યાસ

અભ્યાસ એટલે વિષય પરામર્શવાળુ અધ્યયન. પ્રસ્તૃત સંશોધન સંદર્ભમાં અભ્યાસ એટલે ગુજરાત રાજયની સંશોધનક્ષેત્રની અનુદાનિત યુનિવર્સિટીઓ ધ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયોને ફાળવવામાં આવેલ આર્થિક સહાયતાનો અભ્યાસ.

૧.૪ સંશોધનના હેતુઓ અને મહત્વ

હેતુઓ :

(૧) અધ્યયન ક્ષેત્રની યુનિવર્સિટી ગ્રંથાલયોના વિકાસમાં યુનિવર્સિટીના પ્રદાનનો અભ્યાસ કરવો.

(૨) વિવિધ પંચવર્ષીય યોજનાઓ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયોને પ્રાપ્ત થયેલ અનુદાનનું અધ્યયન કરવું.

(૩) અધ્યયન ક્ષેત્રની યુનિવર્સિટી ગ્રંથાલયોએ મેળવેલ અનુદાનનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અધ્યયન.

(૪) ગુજરાતની યુનિવર્સિટી ગ્રંથાલયોમાં આવેલ પરિવર્તનોનો અભ્યાસ કરવો.

(૫) યુનિવર્સિટી ગ્રંથાલયોની સેવામાં આવેલ પરિવર્તનનો અભ્યાસ કરવો.

(૬) ગુજરાત રાજયની અનુદાનિત યુનિવર્સિટી ગ્રંથાલયોના વિકાસમાં યુનિવર્સિટીએ ફાળવેલ અંદાજપત્રનો તુલનાત્મક અભ્યાસ.

પ્રસ્તુત સંશોધનથી અધ્યયનક્ષેત્રની યુનિવર્સિટી ગ્રંથાલયોના વિકાસમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન કે રાજય સરકાર ધ્વારા પ્રાપ્ત અનુદાન પૈકી યુનિવર્સિટીના યોગદાનની માહિતી મળી શકશે. ઉચ્ચશિક્ષણના વિકાસમાં ગ્રંથાલયની ભૂમિકા તેમજ રાષ્ટ્રીય વિકાસમાં ગ્રંથાલયની ભૂમિકા જાણી શકાશે.

૧.૫ સંશોધનની મર્યાદા

યુજીસીનું અનુદાન મેળવતી ગુજરાત રાજયની સાત યુનિવર્સિટીઓના ગ્રંથાલયોનો જ સમાવેશ કરવામાં આવેલ છે. ખાનગી કે અનુદાન ન મેળવતી યુનિવર્સિટી ગ્રંથાલયોનો અધ્યયનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. ગુજરાત રાજયની સાત યુનિવર્સિટીઓ ધ્વારા ફક્ત ગ્રંથાલયો

માટે જ નાણાંકીય વર્ષ ૨૦૦૧–૦૨ થી ૨૦૧૪–૧૫ દરમ્યાન કરવામાં આવેલ નાણાંકીય જોગવાઈ માટે નિયત કરેલ અંદાજપત્રનો જ અભ્યાસ કરવામાં આવેલ છે.

૧.૬ સંશોધનનું કાર્યક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનક્ષેત્ર યુનિવર્સિટી અને તેની ગ્રંથાલયોના અંદાજપત્ર સંબંધિત છે. આમ, સંશોધનનું કાર્યક્ષેત્ર સાત યુનિવર્સિટીઓ (૧) ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ (૨) ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા, (૩) મહારાજા ક્રિષ્નાકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર (૪) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ (૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૬) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (૭) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

૧.૭ સંશોધનની કાર્યપ્રણાલી

સંશોધનના ફલિતાર્થો પ્રાપ્ત કરવાની અનેક પધ્ધતિઓ છે. જેમ કે, પ્રશ્નાવલી, મુલાકાત, નિરીક્ષણ, ક્રમ માપદંડ વગેરે. સંશોધનના વિષય વસ્તુને અનુરૂપ હોય તેવી સંશોધન પધ્ધતિ સંશોધક દ્વારા અપનાવવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધનમાં Literature Survey પ્રશ્નાવલિ અને રૂબરૂ મુલાકાત પ્રવિધિનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરી પ્રાપ્ત માહિતીનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

૧.૮ આગામી પ્રકરણોનું આયોજન

પ્રકરણ :૨ સંશોધનક્ષેત્ર સંબંધિત વાચનસામગ્રીની સમિક્ષા

પ્રકરણ :૩ ભારતમાં યુનિવર્સિટીઓની સ્થાપના અને વિકાસ

પ્રકરણ :૪ ગુજરાતમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ : એક વિહંગાવલોકન

પ્રકરણ :૫ ઉચ્ચશિક્ષણના વિકાસમાં યુનિવર્સિટી ગ્રંથાલયોની ભૂમિકા

પ્રકરણ :૬ સંશોધનક્ષેત્રની રાજયની યુનિવર્સિટીઓ અને ગ્રંથાલયો : એક પરિચય

પ્રકરણ : ૭ ગુજરાત રાજયની અનુદાનિત યુનિવર્સિટીઓ દ્વારા યુનિવર્સિટી ગ્રંથાલયોને ફાળવવામાં આવેલ અંદાજપત્રનો તુલનાત્મક અભ્યાસ

પ્રકરણ : ૮ તારણો, સૂચનો અને સમાપન

પસંદગીયુકત વાચન સામગ્રી

પરિશિષ્ટ

પ્રકરણ : ૨

સંશોધનક્ષેત્ર સંબંધિત વાચનસામગ્રીની સમિક્ષા

સંશોધન ક્ષેત્રે વિવિધ વિષય શીર્ષકોના અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે, ગ્રંથાલય એક સેવાકિય સંસ્થા છે, જેના સંચાલન માટે નાણાંની આવશ્યકતા રહે છે, યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસ, તકનીકી અને સંશોધનને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે, યુ.જી.સી. અને રાજય સરકાર ધ્વારા યુનિવર્સિટીઓને ફાળવવામાં આવતા અનુદાનને આધારે સંચાલન કરવામાં આવે છે, ઉચ્ચશિક્ષણની નાણાંકીય સ્થિતી એક વિષય અંગે સૈધાંતિક અને પ્રોયોગિક મુદ્દાઓનો સમાવેશ કરી શકાય છે. ગ્રંથપાલો, વિષય નિષ્ણાંતો અને માહિતી વૈજ્ઞાનિકોએ યુનિવર્સિટી ગ્રંથાલયોના વિકાસમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનનું પ્રદાન સંબંધિત વિષય પર વિસ્તૃત સ્વરૂપે હજુ સુધી સંશોધનકાર્ય કરવામાં આવ્યુ નથી. પરંતુ અમુક સંશોધકોએ ભારતીય યુનિવર્સિટી ગ્રંથાલયોના વિકાસ, વ્યવસ્થાપન અને તેની સમસ્યાઓ અને મૂલ્યાંકન વિષે સંશોધનકાર્ય કરેલ છે.

આ બધા શોધપ્રબંધો દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં રજૂ થયા હોવાથી સમય અને સ્થળની મર્યાદાને કારણે અભ્યાસ કરી શકાય તેમ ન હોય જેથી આ બધા શોધપ્રબંધોની સમીક્ષા કરી શકાશે નહીં.

તદઉપરાંત શિક્ષણક્ષેત્રે આવક અને ખર્ચના સંદર્ભમાં વિવિધ અધ્યયન થયેલ હોય જેથી તેને સંબંધિત માહિતી મેળવી શકાશે. જેમ કે, શાહ (૧૯૪૮), ગુપ્તા (૧૯૮૨) દ્વારા કરવામાં આવેલાં અધ્યયનોથી એ સાબિત થાય છે કે, શિક્ષણની આવકની તુલનામાં શિક્ષણની અન્ય જાવકો વધારે જોવા મળે છે. પ્રતિ એકમ દીઠ ખર્ચ અને પ્રતિ વિદ્યાર્થીના સંદર્ભમાં શિક્ષણ આયોગ (૧૯૬૪–૬૬), પંચમુખી (૧૯૬૫), કામત (૧૯૬૮) તથા માથુર (૧૯૬૮)નાં અધ્યયનો મુખ્ય જણાય છે. આ અધ્યયનોમાં કામત તથા પંચમુખીનાં અધ્યયન ક્રમશઃ પૂના અને મુંબઈ યુનિવર્સિટી પર આધારિત છે.

શિક્ષણની આર્થિક વ્યવસ્થાના સંદર્ભમાં શિક્ષણ આયોગ (૧૯૬૪–૬૬) દ્વારા શિક્ષણની આર્થિક સમસ્યા પર વિસ્તૃત અધ્યયન કરવામાં આવ્યું તથા વર્ષ ૧૯૮૫–૮૬ માટે શિક્ષણ પર ભવિષ્યમાં થનારા આર્થિક વ્યયનાં વિભિન્ન પક્ષોનું વિસ્તૃત વિશ્લેષણ પ્રસ્તુત કરવામાં આવ્યું. એશિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એજયુકેશન પ્લાનીંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન દ્વારા પ્રકાશિત ભારત સરકારના શિક્ષણ માટે સંસાધનોને કાર્યાન્વિત કરવા માટે અધ્યયન સમૂહ દ્વારા પ્રસ્તુત અહેવાલ (૧૯૯૦)માં સંસાધનો અંતર્ગત શિક્ષણ પરના વ્યયનું પરીક્ષણ કરતાં બધાં જ રાજયોના શિક્ષણ

માટે ઉચિત ફીના સ્વરૂપમાં બેટરમેન્ટ ફી લેવા માટે ભલામણ કરવામાં આવી. જેના અનુસંધાનમાં ફિગ (૧૯૫૯), નાયર એન્ડ પિલ્લૈ (૧૯૬૨), સિન્હા (૧૯૬૭), શાહ (૧૯૬૯), પંચમુખી (૧૯૭૦), માલવીય (૧૯૭૭)ના અધ્યયનો શૈક્ષણિક નાણાંના સંદર્ભમાં મહત્વપૂર્ણ છે. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ તથા ભારતીય સામાજિક વિજ્ઞાન અનુસંધાન પરિષદે પણ સંયુકત સ્વરૂપે વિશ્વવિદ્યાલયોના આર્થિક સંદર્ભમાં અધ્યયનોને પ્રસ્તુત કર્યા. જેમાં મુખરજી (૧૯૭૪), પંચમુખી (૧૯૭૪), ઝા (૧૯૭૪), મેથ્યુ (૧૯૭૪), નિગમ (૧૯૭૪) તથા નનજુનદપ્પા (૧૯૭૫)નાં અધ્યયન મુખ્ય છે. આ અધ્યયન ક્રમશઃ કલકત્તા વિશ્વવિદ્યાલય, મુંબઈ વિશ્વવિદ્યાલય, પટણા વિશ્વવિદ્યાલય, કેરળ વિશ્વવિદ્યાલય, રાજસ્થાન વિશ્વવિદ્યાલય તથા બેંગ્લોર વિશ્વવિદ્યાલયને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યાં હતાં.

પંચમુખી દ્વારા કરવામાં આવેલ અધ્યયનમાં વિશ્વવિદ્યાલય આર્થિકના પ્રત્યેક સંસાધનના સંદર્ભમાં વિસ્તૃત અધ્યયન પ્રસ્તુત કરવામાં આવ્યું તથા ફી નિર્ધારિત કરવા માટે અને અનુદાનના સંદર્ભમાં વિસ્તૃત વિશ્લેષણ પ્રસ્તુત કરીને વિશ્વવિદ્યાલયના આર્થિક સંસાધનોમાં દાતાઓ અને અન્ય સંસાધનોની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો. એ જ રીતે શર્મા (૧૯૭૫) શિક્ષણના ક્ષેત્રમાં ખાનગી ઉદ્યોગોની ભૂમિકા પર અધ્યયન પંજાબના સંદર્ભમાં કરતાં સંશોધિત કરવામાં આવ્યું કે ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ શિક્ષણના ક્ષેત્રમાં મુખ્ય સ્વરૂપે ધાર્મિક કારણોના પરિણામે આગળ આવવા માટે પ્રોત્સાહિત થઈ. જયારે રિજવી (૧૯૬૦)નો એ વિચાર હતો કે શિક્ષણમાં રાજયનું યોગદાન સામાજિક, રાજનૈતિક આવશ્યકતાઓને વળગી રહ્યું.

છેલ્લાં દશ વર્ષોમાં વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ દ્વારા વિશ્વ વિદ્યાલયોની આર્થિક સ્થિતિ પર વિચાર કરવા માટે અને વિશ્વ વિદ્યાલયની ફી સંરચનાને રક્ષિત કરવાના ઉદ્દેશ્યથી સમયાંતરે વિભિન્ન સમિતિઓનું ગઠન કરવામાં આવ્યું. જેમાં પુનૈય્યા સમિતિ (૧૯૯૨–૯૩), પાયલે સમિતિ (૧૯૯૭), આનંદ કૃષ્ણન સમિતિ (૧૯૯૯) અને મહમૂદ ઉર રહમાન સમિતિ (૨૦૦૦)નું ગઠન મુખ્ય છે. આ સમિતિઓએ મુખ્ય સ્વરૂપે કેન્દ્રિય વિશ્વવિદ્યાલયોને ધ્યાનમાં રાખીને આર્થિક સમસ્યાઓનું વિસ્તૃત વિશ્લેષણ કરી ફીની આવકની સંરચનાની રજૂઆત કરી.

ગુજરાતની યુનિવર્સિટી ગ્રંથાલયોના વિકાસમાં વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગના પ્રદાન વિષે આજ પર્યન્ત એક પણ સંશોધનકાર્ય થયેલ નથી. પરંતુ ગુજરાતની યુનિવર્સિટી ગ્રંથાલયોના સંદર્ભમાં નીચે દર્શાવેલ ગ્રંથો ઉપલબ્ધ છે જેની સમીક્ષા રજૂ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત વિષય સંબંધિત અન્ય મહત્વપૂર્ણ ગ્રંથોની વિગતો અને સમીક્ષા નીચે પ્રસ્તૃત કરવામાં આવી છે.

અંગ્રેજી (ગ્રંથ)

1 **ASSOCIATION OF INDIAN UNIVERSITIES (New Delhi), Financial Deficits in Universities, 1991, p.;65, 50-00.**

એ.આઈ.યુ.ના સેક્રેટરીશ્રી એસ. કે. અગ્રવાલ દ્વારા આ હસ્તપુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓ, શિક્ષકો, કોલેજો અને યુનિવર્સિટીઓના સંચાલન કરવા નાણાંની પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી નાણાંની આવક અને જાવક સંબંધિત જરૂરી માહિતીની ચર્ચા કરવામાં આવેલ છે. ભારતની આર્થિક સ્થિતિ, નાણાંકીય અછત, ફુગાવો, દેવું, મંદી, આયાત દર વિગેરે પરિબળો ધ્યાનમાં રાખી અભ્યાસનો હેતુ રજૂ કરી વિશ્લેષણ કરવામાં આવેલ છે. નાણાંકીય અછત અંતર્ગત વિશ્લેષણના પરિણામોની માહિતી દર્શાવવામાં આવેલ છે, અંદાજપત્રને આધારે વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણ, સમાજ, વ્યાપાર, લોકપ્રસાશન, સંચાલન, સુરક્ષા, સ્વાસ્થય, અર્થવ્યવસ્થાના વિકાસ માટે નાણાંની આવશ્યકતા અંગે માહિતી દર્શાવવામાં આવેલ છે. નાણાંકીય અછત ઉત્પન્ન થવાના વિવિધ કારણો અને તેને અસરકર્તા પરિબળોની ચર્ચા કરવામાં આવેલ છે. યુનિવર્સિટીઓની નાણાંકીય સ્થિતિમાં સુધારો કરવા અનુદાન પધ્ધતિમાં બદલાવ, નાણાંકીય સંચાલનમાં સુધારો, આવક વધારાના સ્ત્રોતો ઉભા કરવા જેવી બાબતોને પ્રાધાન્ય આપી નાણાંકીય અછત દૂર કરવા જરૂરી ભલામણ કરવામાં આવેલ છે. આમ, આ પુસ્તીકા નાણાંકીય સંચાલન, અંદાજપત્ર, નાણાંની અછત જેવા વિષયો પર શોધકર્તાઓને અભ્યાસ કરવા અગત્યનું પૂરવાર થશે.

2 **ASSOCIATION OF INDIAN UNIVERSITIES (New Delhi), State Funding of Higher Education, 1998, p.;86, 125-00**

આ હસ્તપુસ્તિકાના સંપાદક અને એ.આઈ.યુ.ના સભ્યશ્રી કે.બી.પવાર દ્વારા Government Support for Higher Education તથા યુ.જી.સી.ના સભ્યશ્રી, એ. એચ. દેસાઈ દ્વારા Government Subsidies for Higher Education પર રજુ થયેલ ચર્ચા પત્ર અંતર્ગત ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ૧૯૯૪ના વર્લ્ડ બેન્ક રીપોર્ટ અને ૧૯૯૬–૯૭ના નાણાં મંત્રીશ્રીના બજેટ પરના વ્યાખ્યાનને આધારે વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણને નોન–મેરીટ સર્વિસ તરીકે સ્વીકારેલ હોય જેના સંદર્ભે દેશની સામાજિક અર્થતંત્રના વિકાસ માટે ઉચ્ચ શિક્ષણનો ફાળા સબબ વિવિધ યુનિવર્સિટીઓના

કુલપતિશ્રીઓ, વિવિધ રીસર્ચ સેન્ટર કે કેન્દ્રના ડાયરેકટરશ્રીઓ પૈકી શિક્ષણ જગતમાં મહત્વતા ધરાવતી વ્યકિતઓના મતો પ્રાપ્ત કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આવકના સ્ત્રોત, નાણાંકીય જોગવાઈની પધ્ધતિઓ, વિવિધ ખર્ચાઓની માહિતી રજૂ કરવામાં આવેલ છે.

3 **ASSOCIATION OF INDIAN UNIVERSITIES (New Delhi), University Handbook. 32nd edition. 2010, 4000-00**

આ હસ્તપુસ્તિકામાં એ.આઈ.યુ.ની સભ્ય થયેલ યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રિય મહત્વ ધરાવતી અને શૈક્ષણિક સંસ્થાઓની જાન્યુઆરી ૨૦૧૦ સુધીની વિગતવાર માહિતી આપવામાં આવેલ છે. રાજયોની યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રિય કક્ષાએ અગત્યતા ધરાવતી રાજયો મુજબ અલગથી દર્શાવેલ ત્વરિત માહિતી મળી શકે છે.

ભારતમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ, પ્રણાલી, માળખું, યુનિવર્સિટીઓ, દૂરવર્તી શિક્ષણ, સરકારી અને સ્વવિત્ત કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, અભ્યાસક્રમો, પ્રવેશ, શૈક્ષણિક કેલેન્ડર, પરીક્ષા પધ્ધતિ, અભ્યાસક્રમનું માધ્યમ, યુનિવર્સિટી પ્રશાસન નીતિ, સત્તામંડળો, વિવિધ સંસ્થાઓની ટૂંકમાં માહિતી, અગિયારમો પ્લાન, ઉચ્ચશિક્ષણમાં ગુણવત્તા, વિદ્યાર્થીઓને આપવામાં આવતી સેવાઓ જેવી વિવિધ બાબતોનો સશકત અને અધિકૃત ડેટાબેસ આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથને A.I.U. ૧૯૨૭થી દર વર્ષે પ્રસિધ્ધ કરે છે.

4 Azad **(Jagdish Lal)**
Financing of Higher Education in India. New Delhi, Sterling Publishers Pvt. Ltd., 1991. 236p. 40-00.

ભારતમાં ઉચ્ચ શિક્ષણની નાણાંકીય પરિસ્થિતી અંતર્ગત તૈયાર કરવામાં આવેલ આ ગ્રંથ નાણાંકીય સંબંધિત શોધકાર્ય માટે અગત્યનું પૂરવાર થશે, જેમાં ભારતીય ઉચ્ચ શિક્ષણની કથળતી હાલત માટે વિવિધ સામાજીક અને રાજકીય કારણો જવાબદાર હોય છે, જેથી વિધાર્થીઓ અને સંસ્થાઓમાં અસાધારણ વધારો જોવા મળે છે. વિવિધ સત્તર રાજયોમાં સ્થાપિત યુનિવર્સિટીઓની રાજયની કુલ વસ્તીની સરખામણીએ ટકાવારીની ચર્ચા કરવામાં આવેલ છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે એકંદરે વિવિધ પ્રકારના ખર્ચાઓ ધ્યાનમાં લઈ તેની વૃધ્ધિ અને પ્રગતિ અર્થે રાજય સરકાર કે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય

ધ્વારા કરવામાં આવતી નાણાંકીય સહાય કે યુજીસી મારફત આપવામાં આવતું અનુદાન વિષે ચર્ચા કરવામાં આવેલ છે.

5 **Desai (Pankaj Kumar)**
History of Education in India, Akhand Publishing House, New Delhi, 2010. 250p. 725-00.

આ પુસ્તકમાં ભારતમાં ઉચ્ચશિક્ષણનો ઈતિહાસ શીર્ષક તળે તૈયાર કરવામાં આવેલ માહિતી પ્રસ્તુત કરવામાં આવેલ છે. પ્રાચિન સમયથી જ શિક્ષણે સમુદાયનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે, દરેક પેઢી આગામી પેઢી માટે સાંસ્કૃતિક અને સામાજિક મૂલ્યો, પરંપરાઓ, નૈતિકતા, ધર્મ, જ્ઞાન અને કૌશલ્ય માટે પ્રગતિ કરવા દેખરેખ રાખવા કરેલ પ્રયાસો અને સંશોધનની માહિતી દર્શાવવામાં આવી છે,

આ ગ્રંથમાં શિક્ષણનું મૂળ, ભારતમાં શિક્ષણનો ઈતિહાસ, પ્રાચિન ભારતમાં શિક્ષણ, મધ્યયુગમાં ભારતનું શિક્ષણ, મુઘલયુગમાં શિક્ષણ, સંસ્થાનવાદ યુગમાં શિક્ષણની સ્થિતી, ખ્રિસ્તી મિશનરીઓની ભૂમિકા, સ્વતંત્રતાના સમયગાળામાં શિક્ષણનો વિકાસ, યુનિવર્સિટીઓનો ઈતિહાસ, શિક્ષણમાં સરકારની ભૂમિકા, અર્વાચિન શિક્ષણ પધ્ધતિનું વિશ્લેષણ તથા શૈક્ષણિક વિકાસ એક સૈધાંતિક સમસ્યાઓના પ્રકરણ પ્રસ્તૃત કરવામાં આવેલ છે. જે ભારતની શિક્ષણની ઐતિહાસિક ઘટનાઓથી વાકેફ કરી પ્રવર્તમાન પધ્ધતિની વિસ્તૃત માહિતી રજૂ કરે છે, જે સંશોધકને ઉપયોગી પૂરવાર થશે.

5 **Devarajan (G)**
Resource allocation in university libraries. New Delhi, Ess Ess Publications, 1993. 187p. 350-00.

આ ગ્રંથ કુલ ૯ પ્રકરણોમાં: 1. Introduction, 2. Survey of Related Literature, 3. University Libraries and Fiscal Allocations: International and National Trends, 4. Universities and University Libraries in Kerala: Genesis and Development, 5. Revenue Sources, Magnitude and Trends, 6. Expenditure: Analysis, Pattern and Trends, 7. Fiscal Estimate Based on Method of Proportion and Per Capita Method, 8. Evaluation of Responsive Services, 9. Findings and Recommendations સમાવેશ પામે છે.

આ અધ્યયનમાં લેખકે કમીશન અહેવાલ, સેમીનાર અને કોન્ફરન્સ, અનુસ્નાતક અભ્યાસક્રમો અને પીએચ.ડી.અભ્યાસક્રમો, ભારતમાં યુનિવર્સિટી શિક્ષણનો વિકાસ, ભારતમાં યુનિવર્સિટી ગ્રંથાલયો, કેરળમાં ઉચ્ચશિક્ષણની પરિસ્થિતિ, કેરળમાં યુનિવર્સિટીઓ અને તેના ગ્રંથાલયો તથા તેમાં સંગૃહિત વાચનસામગ્રી, ઉપભોકતાઓ, કર્મચારીગણ, સેવાઓ, પ્રકાશનો, યુનિવર્સિટીની આવકના સ્ત્રોત, ખર્ચની વિગતો, યુનિવર્સિટીઓ ઘ્વારા તેમનાં ગ્રંથાલયોને ફાળવવામાં આવતું બજેટ તથા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન ઘ્વારા ફાળવવામાં આવતું અનુદાન અને થયેલ ખર્ચ અને તેનો તુલનાત્મક અભ્યાસ તેને સંલગ્ન તારણો અને સૂચનો પ્રસ્તૃત કરવામાં આવેલ છે.

6 **Ganguly (SP)**
Central Government Budgets in India. New Delhi, Gyan Publishing House, 1993. p.;157, 200-00.

કેન્દ્ર સરકારનું ભારતમાં અંદાજપત્રના શીર્ષક હેઠળ આ ગ્રંથ તૈયાર કરી પ્રસિઘ્ધ કરવામાં આવેલ છે, અંદાજપત્ર અને નામાની સામાન્ય ચર્ચા રજૂ કરવામાં આવી છે, અંદાજપત્રના માળખાની માહિતી Consolidated Funds and Contingency Fund ને ચાર્ટરૂપે દર્શાવવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓની સંખ્યા અને તેમના માટે અંદાજપત્રનું આયોજન, આવક અને જાવકના સ્ત્રોતોની માહિતી રજૂ કરવામાં આવેલ છે. ભારતમાં કેન્દ્ર સરકારના અંદાજપત્ર તૈયાર કરવા રાખવાની થતી ચોકસાઈ અંગે વિસ્તૃત માહિતીની ચર્ચા કરવામાં આવી છે. આવક–જાવકની માહિતી અર્થશાસ્ત્રને આધિન ખર્ચાઓ, આવકના સ્ત્રોતો, કેન્દ્ર સરકારની બચત વિગેરે સંબંધિત તુલનાત્મક માહિતી રજૂ કરવામાં આવેલ છે. ભારતમાં કેન્દ્ર સરકારના અંદાજપત્રને લગતી અગત્યની માહિતી જરૂરી સુધારા વધારા સહિત પુરી પાડે છે.

7 **Ganguly (SP)**
Fundamentals of Government Budgeting in India. New Delhi, Concept Publishing Company, 1993. p.;179, 220-00.

ભારત સરકારનું પ્રાથમિક માળખાકીય અંદાજપત્રના શીર્ષક હેઠળ આ ગ્રંથ તૈયાર કરી પ્રસિઘ્ધ કરવામાં આવેલ છે. અંદાજપત્રના દસ્તાવેજોની ચર્ચા કરી તેને ચાર્ટરૂપે રજૂ કરવામાં આવેલ છે. અંદાજપત્ર કઈ રીતે તૈયાર કરવું તે કેટલી અગત્યતા

ધરાવે છે, તેના આધારે આવનાર વર્ષના ખર્ચાઓ તથા આવક તેમજ બચતની માહિતી પ્રસ્તૃત કરવામાં આવેલ છે, એકંદરે વર્ષ દરમિયાન પ્રાપ્ત થનાર વિવિધ આવકના સ્ત્રોતો અને તેની સામે થનાર વિવિધ ખર્ચાઓની માહિતી અંદાજીત કઈ રીતે તૈયાર કરી શકાય તે દર્શાવવામાં આવેલ છે. માન્ય અધિકૃત કમિટિ, સંસદીય સભા, રાજ્ય વિધાસભા રાજસભા, લોકસભા વિગેરે સત્તાપક્ષો ધ્વારા કાયદાકીય ચકાસણી કરવી તેમજ અંદાજપત્રને માન્યતા આપી તેનો સ્વીકાર કઈ રીતે કરી શકાય તેની માહિતી રજૂ કરવામાં આવેલ છે. અંદાજપત્રના આર્થિક અને લાક્ષણિક વર્ગીકરણની ચર્ચા કરવામાં આવેલ છે. જે અંદાજપત્ર સંબંધિત અગત્યની માહિતી પુરી પાડે છે.

8 **Kothari (CR)**
Research Methodology Methods & Techniques. New Delhi, Wishwa Prakashan, 1990. 468p. 150-00.

આ ગ્રંથમાં સંશોધનના હેતુઓ અને તેના મહત્વની ચર્ચા કરવામાં આવી છે, તેમજ સંશોધનની પ્રક્રિયા,પધ્ધતિ, મર્યાદાઓ, સમસ્યાઓની માહિતી રજૂ કરવામાં આવી છે. આધારભૂત નમૂનાઓની જરૂરીયાત, મર્યાદાઓ, નિર્ણાયક નમૂના તેમજ નમૂના પ્રારૂપ અંગે સર્વેક્ષણ પધ્ધતિ, નમૂના પ્રારૂપના પગલાં, લાક્ષણિકતાઓ, વિવિધ પ્રકારો તથા રેન્ડમ પસંદગીની માહિતી રજૂ કરવામાં આવેલ છે. સંશોધનમાં માપન પધ્ધતિ તથા સંશોધન માટે આવશ્યક માહિતી એકત્રિત કરવાની વિવિધ પધ્ધતિઓ વિષે સરળ અને સહજ માહિતી આપવામાં આવી છે. સંશોધનક્ષેત્રે કમ્પ્યૂટરની મહત્વતા અને તેની અગત્યતાને વધુ ભાર આપવામાં આવેલ છે. આ ગ્રંથ કોઈ પણ વિષય કે ક્ષેત્રના સંશોધકો માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ શકે છે.

9 **MINISTRY OF FINANCE, GOVERNMENT OF INDIA (New Delhi), Key to the Budget Documents, 1978. 13p.**

આ હસ્તપુસ્તિકા Government of India, Ministry of Finance, Department of Economics Affairs, Budget Division ધ્વારા બહાર પાડવામાં આવેલ છે, જેમાં અંદાજપત્રના દસ્તાવેજોની ચાવીરૂપ માહિતી રજૂ કરવામાં આવેલ છે. સરકારી આવક અને તેના ખર્ચા માટે એકત્રિત ફંડની માહિતી, પ્રોવિડન્ટ ફંડ, પબ્લીક

એકાઉન્ટસ ફંડ, જાહેરનામુ, બેંક, લોન, ધિરાણ વિગેરે માટે સરકારી કાયદાઓની સમજ રજૂ કરવામાં આવી છે. નાણાંકીય બિલ, ગ્રાન્ટસ માટેની દરખાસ્તો, વિવિધ આવક અને ખર્ચની જોગવાઈઓ, જરૂરીયાતોની નોંધ, અંદાજીત ગુણોત્તરની રકમ, આયોજીત અને બિન–આયોજિત કાર્યક્રમો વિગેરે અંદાજપત્ર સંબંધિત માહિતી આપવામાં આવી છે. તદ્ઉપરાંત નામાનું વર્ગીકરણ સ્ત્રોતોની વહેંચણી, આયોજનની રૂપરેખા, અંદાજપત્રની કામગીરી અને તેનો પ્રભાવ, જાહેરક્ષેત્રમાં સાહસ, સરકારી સંસ્થાઓ, રેલ્વે, ટપાલ ખાતુ, આર્થિક સર્વે અભ્યાસ, યોગ્યતા બિલ વિગેરેની અંદાજપત્રને લગતી માહિતી પ્રસ્તૃત કરવામાં આવી છે, જે સંશોધક માટે દિશાસૂચક બની રહેશે.

10 MODEL ACT FOR UNIVERSITIES (New Delhi).
Report of the Committee on Model Act for Universities, 1961, pp.42-43

ભારતમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ, પ્રણાલી, માળખું, યુનિવર્સિટીઓ, દૂરવર્તી શિક્ષણ, સરકારી અને સ્વવિત્ત કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, અભ્યાસક્રમો, પ્રવેશ, શૈક્ષણિક કેલેન્ડર, પરીક્ષા પધ્ધતિ, અભ્યાસક્રમનું માધ્યમ, યુનિવર્સિટી પ્રશાસન નીતિ, સત્તામંડળો, વિવિધ સંસ્થાઓ માટે નીતિવિષયક નિર્ણયો લઈ કાયદારૂપે ઠરાવ બહાર પાડવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વિવિધ નીતિઓ, જાહેર ખર્ચ, સુવિધાઓ, સેવાઓ, ધિરાણો તથા વિકાસ માટે સમર્થન વિગેરે પ્રસ્તૃત કરેલ કાયદાઓનો અમલ કરી અનુસરવા યુનિવર્સિટીઓને જણાવવામાં આવે છે. ઉચ્ચશિક્ષણક્ષેત્રે સંશોધન કાર્ય હાથ ધરવા યુનિવર્સિટી કાયદો તથા તેનું સંસ્થાકીય માળખું ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ શકે તેમ છે.

11 Nigam (MS)
A Study of the Finance of the University of Rajasthan, Department of Economics, Rajasthan University, 1974 (ICSSR Financed).

રાજસ્થાન યુનિવર્સિટીના અર્થતંત્ર પર અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસના મતોથી જાણવા મળ્યું કે, રાજય સ્તરની સંસ્થાઓમાં યુજીસી પ્રથા મુજબ નાણાંકીય મુદ્દાઓમાં સમસ્યાના નિરાકરણમાં તે મદદરૂપ થશે. વધુ સારી અને સક્ષમ પ્રોત્સાહન યોજનાઓ અર્થે યુનિવર્સિટી પસંદગીયુકત વિવિધ વિભાગો માટે ભંડોળ ફાળવે. પ્રત્યેક

વિભાગ દીઠ શૈક્ષણિક સવલતો અને સામગ્રી પુરી પાડે. આમ, રાજસ્થાન યુનિવર્સિટીના અર્થતંત્ર પર કરવામાં આવેલ અભ્યાસ ઉચ્ચશિક્ષણક્ષેત્રે નાણાં સંબંધિત સંશોધન માટે મહત્વનું પૂરવાર થશે.

12 **Ojha (DC)**

University libraries in India. Jodhpur, Latesh Prakashan, 1980. 74p. 50-00.

Higher Educational Development in Rajasthan and Establishment of Jodhpur University શીર્ષક અંતગર્ત કરવામાં આવેલ સંશોધનકાર્યનો University Libraries in India. અંતર્ગત આ ગ્રંથ પ્રગટ થયેલ છે.

આ ગ્રંથમાં ગ્રંથાલયોનો ઈતિહાસ, ગ્રંથાલયોનો વિકાસ, યુનિવર્સિટીઓ અને તેના ગ્રંથાલયોની પ્રગતિ, યુનિવર્સિટી અને તેનાં ગ્રંથાલયોનો ઉદ્દેશ્ય તથા કાર્યો, ગ્રંથાલયનું યુનિવર્સિટીમાં સ્થાન, વ્યવસ્થાતંત્ર અને વહીવટ, ગ્રંથાલય કર્મચારીઓ, આર્થિક બાબતો, યુનિવર્સિટી ગ્રંથાલયોની સમસ્યાઓની ચર્ચા કરવામાં આવેલ છે. જેનો સંશોધક અભ્યાસ કરીને પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરી શકશે.

13 **Power (KB)**

State Funding of higher education. New Delhi, Association of Indian Universities, 1998. 86p. 125-00.

આ હસ્તપુસ્તિકાના સંપાદક તેમજ એ.આઈ.યુ.ના સભ્યશ્રી કે. બી. પવાર છે. વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, વિવિધ સંસ્થાઓના ડાયરેકટરશ્રીઓ પૈકી શિક્ષણ જગતમાં મહત્વતા ધરાવતી વ્યકિતઓના દેશના વિકાસ સંદર્ભે ઉચ્ચ શિક્ષણનો ફાળો વિષયક વિવિધ મતો પ્રાપ્ત કરી તેમના માર્ગદર્શન તળે લેખો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉચ્ચશિક્ષણક્ષેત્રે વહીવટી અને શૈક્ષણિક કાર્યોમાં થતાં વિવિધ ખર્ચાઓ અંગે યુનિવર્સિટીઓએ સ્વયં અભ્યાસ કરી શોધવુ જોઈએ કે, કયાં વધુ ખર્ચ થાય છે, થયેલ ખર્ચનો વિસ્તાર, વધારાના ખર્ચની તુલના વિગેરે માહિતી ધ્યાનમાં રાખવી જરૂરી છે, સરકારશ્રી ધ્વારા સામાજીક અર્થતંત્ર, સુરક્ષા, લક્ષણ, વિકાસ જેવા ક્ષેત્રે જાહેર કરેલ સહાય પાછી ખેંચી શકાય તેમ નથી, દેશનો વિકાસ સામાજીક અને આર્થિક સધ્ધરતા

સંદર્ભે ઉચ્ચ શિક્ષણનો ફાળાને ધ્યાનમાં રાખી વિસ્તૃત માહિતી દર્શાવવામાં આવેલ છે, જે રાજય સરકારશ્રીની કાર્યપ્રણાલી અને કરવામાં આવેલ યોગદાન રજૂ કરે છે.

14 Prowle (Malcom) and Lierman (Frank)
Financial Management and Control in Higher Education, Rutledge Limited, London, 2005.

આ ગ્રંથમાં ઉચ્ચશિક્ષણક્ષેત્રે નાણાં અને વહીવટમાં અગત્યની સમસ્યાઓ સમજાવવામાં આવેલ છે. બન્ને કર્તાઓ ફકત નાણાંકીય સમસ્યાઓ વિષે કાર્ય કરવા તત્પર ન હતાં પરંતુ ઉચ્ચ શિક્ષણ સંદર્ભ ધ્યાનમાં રાખીને કાર્ય કરેલ છે. આ ક્ષેત્રમાં માળખું અને સંસ્કૃતિ, ભંડોળ અભિગમ, સંસ્થાકિય વ્યવસ્થા, તાજેતરની નીતિઓની અસર અને નાણાંકીય સંચાલનનો સમાવેશ કરવામાં આવેલ છે. નાણાં સંબંધિત તમામ ક્ષેત્રને આવરી લેવામાં આવેલ છે, જેમ કે, નાણાંકીય માળખું, સ્ત્રોતોની ફાળવણી, વ્યૂહાત્મક નાણાંકીય આયોજન, વ્યવસ્થા બજેટ, પડતર અને કિમંત, નાણાંકીય નિયંત્રણ, ઓડિટ, નામુ, જવાબદારી, નાણાં વિભાગની ભૂમિકા, પ્રભાવ અને સુધારા વધારા વિગેરે. ઉચ્ચશિક્ષણક્ષેત્રે નાણાંકીય સંચાલન અને નિયંત્રણ મહત્વની માહિતી પૂરી પાડે છે, જે શોધકાર્યમાં અગત્યતા ધરાવે છે.

15 Raju (PS)
Role of university libraries in support of research : A case study of Andhra University Library,1992. Visakhapatnam, Andhra University Press and Publications, 1992. 144p. 175-00.

Research Director, Prof. A. Neelameghan UNDP Expert ના માર્ગદર્શન તળે તૈયાર કરવામાં આવેલ પીએચ.ડી.શોધકાર્ય એટલે Role of university libraries in support of research: A case study of Andhra University આંધ્ર યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંદર્ભમાં કરવામાં આવેલું વ્યકિગત અધ્યયન આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં ગ્રંથસંગ્રહ, ઉપલબ્ધ સુવિધાઓ અને પ્રદાન કરવામાં આવતી સેવાઓના સંદર્ભમાં વિવરણ જોવા મળે છે. તદ્‌ઉપરાંત આંધ્ર યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપભોકતાઓના વિશેષ સંદર્ભમાં અભ્યાસ ઉપલબ્ધ છે. આ વ્યકિતગત અધ્યયન યુનિવર્સિટી ગ્રંથાલયના વિકાસના આયોજનમાં મદદરુપ નીવડે તેવું છે.

આ ગ્રંથમાં સંશોધન અને સામાજિક વિકાસ, યુનિવર્સિટીઓમાં સંશોધન, ભારતીય યુનિવર્સિટીઓમાં સંશોધન, સંશોધનમાં ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાનનું પ્રદાન,

ભારતમાં યુનિવર્સિટી ગ્રંથાલયો, ઉપભોક્તા અભ્યાસ, આંધ્ર યુનિવર્સિટી ગ્રંથાલયના સંદર્ભમાં વિવિધ સેવાઓ અને ગ્રંથસંગ્રહનો ગ્રંથાલયનો વિકાસ અને સમસ્યાઓ, ગ્રંથાલયને ફાળવવામાં આવતું બજેટ અને તનો ખર્ચ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશન ધ્વારા ફાળવવામાં આવતું અનુદાન અને ખર્ચનું અધ્યયન કરવામાં આવેલ છે.

અભ્યાસના આધારે ગ્રંથાલય સુવિધાઓ, સેવાઓ, ગ્રંથાલય પ્રલેખ સ્ત્રોત અને યુનિવર્સિટી ગ્રંથાલયમાં સંસાધન ભાગીદારી વિષે તારણો અને ભલામણો કરવામાં આવેલ છે જે સંશોધકને અગત્યનું સાબિત થશે.

16 Sharma (Madan Mohan)
Financial Management of Universities in India. New Delhi, Concept Publishing Company, 1992. 251p.

આ ગ્રંથમાં ભારતની યુનિવર્સિટીઓના નાણાંકીય સંચાલન શીર્ષક હેઠળ દેશના વિકાસ અને ઉન્નતિ અર્થે નાણાંના વહીવટની આવશ્યકતા અને અગત્યતા ધ્યાને લઈ આઠ પ્રકરણો જેમ કે, Introduction, University Institutions in India and their Linkage, Financial Management practices of sampled University Institutions, Source of Finances, Grants in Aid Rules and Criteria of fixation of Grants, Pattern of Expenditure and Financial Health of University Institutions of India, Budgeting and Planning Systems of University Institutions of India, Accounting and Auditing Systems of University Institutions of India, Strategies for Future મુજબ વહેંચણી કરી રજૂ કરવામાં આવેલ છે. ભારતની યુનિવર્સિટી સંસ્થાઓના નાણાંકીય સંચાલન માટે તે અગત્યના અને અસરકારક પૂરવાર થઈ શકે છે.

17 Shukla (KH)
University Libraries in India: Some observation and suggestions. Jaipur, RBSA Publishers,1994. 212 p. 375-00.

પ્રકરણ:૧ માં ગુજરાત રાજય અને ઉચ્ચશિક્ષણ સંબંધિત ચર્ચા કરવામાં આવેલ છે. પ્રકરણ:૨ માં ભારત અને ગુજરાતમાં યુનિવર્સિટી ગ્રંથાલયોનું વ્યવસ્થાતંત્ર, કાર્યો, ગ્રંથપાલની ભૂમિકા, ગુણવત્તા અને ફરજોની વિગતે ચર્ચા સામેલ છે. પ્રકરણ:૩ માં ગ્રંથસંગ્રહ વિકાસ કાર્યક્રમ, ગ્રંથસંગ્રહના વિકાસની જવાબદારી, ગુજરાતની

યુનિવર્સિટીઓમાં પુસ્તક પસંદગીની નીતિ, ગુજરાતનાં યુનિવર્સિટી ગ્રંથાલયોમાં પુસ્તક સંગ્રહ, સામયિક સંગ્રહ, ખાસ સંગ્રહની વિગતો મળે છે. પ્રકરણઃ૪ માં યુનિવર્સિટી ગ્રંથાલયોમાં નાણાંનું મહત્વ, ગ્રંથાલય આવકનાં વિવિધ સ્ત્રોત, યુનિવર્સિટી બજેટમાં ફાળવણી, ગુજરાતમાં યુનિવર્સિટી અનુસાર ગ્રંથાલય ખર્ચનો વિકાસનો અભ્યાસ. પ્રકરણઃ૫ માં ગ્રંથાલય સેવાઓનો સમય, ટેકનિકલ સેવાઓ, વાચક સેવાઓ, સંદર્ભ સેવા, વાઙમયાત્મક સેવા, પ્રલેખન સેવા અને માહિતી સેવાઓની ચર્ચા અત્રે ઉપલબ્ધ છે. પ્રકરણઃ૬ માં ગ્રંથાલય સહકારની આવશ્યકતા, વિસ્તાર, આંતર ગ્રંથાલય અભ્યાસ સુવિધાઓ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારનો અભ્યાસ અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે. પ્રકરણઃ૭ માં ગ્રંથાલય ભવન, આયોજનના સિધ્ધાંતો, સ્થળ પસંદગી, પુસ્તક સંગ્રહ કક્ષ, સામાન્ય વાચકરૂમ અને ભવિષ્યના આયોજનો વિષે અત્રે વિવરણ આપવામાં આવેલ છે. પ્રકરણઃ૮માં ગ્રંથાલય વ્યવસ્થાતંત્ર, ગ્રંથાલય સમિતિ, અધ્યાપકો સાથેના યુનિવર્સિટી ગ્રંથપાલ સાથેના સંબંધો, ગ્રંથાલય બજેટ, નાણાંકીય સંચાલન, ગ્રંથાલય સેવાઓ, યુનિવર્સિટી ગ્રંથાલયોનો આર્થિક ભંડોળનો વિકાસ અભ્યાસને સંબંધિત અન્ય ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે.

18 **Singh (Parmanand)**
Financing of university education. Delhi, B. R. Publishing Corporation, 1982. 236 p. 80-00.

આ ગ્રંથમાં શિક્ષણ અને અર્થશાસ્ત્રના વિકાસ માટે યુનિવર્સિટી શિક્ષણ ક્ષેત્રે નાણાંકીય જોગવાઈઓ, સમસ્યાઓ અને તેના સૂચનો રજૂ કર્યા છે. સમાજમાં બદલાવ લાવવા, દેશની પ્રગતિ સાંધવા, સધ્ધરતા અર્થે શિક્ષણની ભૂમિકા અગત્યની છે, વિદેશ અને ભારતની સમાજ, શિક્ષણ અને આર્થિક સ્થિતીઓનું વર્ણન કરવામાં આવેલ છે. તેઓની પ્રગતિમાં થયેલ સુધારા–વધારાની માહિતી વસ્તી અને શિક્ષણને ધ્યાનમાં રાખી ટકાવારી મુજબ રજૂ કરવામાં આવેલ છે. દેશની પ્રગતિ માટે ઉચ્ચશિક્ષણક્ષેત્રે યુનિવર્સિટીનું પ્રદાન, પંચવર્ષિય યોજનાની માહિતી રજૂ કરી યુનિવર્સિટીઓની પ્રગતિ, કાર્યો, યોગદાન અને નીતિઓ માટે નાણાંકીય જોગવાઈની ચર્ચા કરવામાં આવેલ છે. બિહાર રાજયમાં યુનિવર્સિટીના શિક્ષણની સ્થિતીની ચર્ચા કરવામાં આવી છે. વિવિધ

રાજયોના ઉચ્ચશિક્ષણક્ષેત્રે અંદાજપત્રની માહિતીની ચર્ચા કરવામાં આવેલ છે. યુનિવર્સિટીઓને થયેલ વિવિધ ખર્ચની માહિતી, યુનિવર્સિટીઓમાં નાણાંના આવક–જાવકની માહિતી, શિક્ષકો અને વિધાર્થીઓની માત્રાને આધિન નાણાંકીય જોગવાઈઓની તુલના રજુ કરવામાં આવેલ છે. બિહાર રાજયમાં યુનિવર્સિટી શિક્ષણક્ષેત્રે વિધાર્થી અને વિધાર્થીનીઓના દરમાં થતી વૃધ્ધિ તેમજ શિક્ષણક્ષેત્રે પ્રગતિ, વિજ્ઞાન અને વ્યાપારિક ખર્ચ અંગે ચર્ચા કરવામાં આવેલ છે. યુનિવર્સિટીઓની નાણાંકીય જોગવાઈઓ, સંચાલન, નાણાંના સ્ત્રોતો, સિધ્ધાન્તો, નિતિઓની માહિતી રજુ કરવામાં આવેલ છે. બિહારની યુનિવર્સિટીઓની સ્થિતી અને નાણાંકીય જોગવાઈઓ માટે વિવિધ તારણો દર્શાવી પીસ્તાલીસ જેટલા સૂચનો રજૂ કરવામાં આવેલ છે. જે સંશોધકોને માર્ગદર્શકરૂપ બની રહેશે.

19 **Tejomurty (D)**
Studies in academic librarianship. Jaipur, Printwell Publishers, 1987. 218 p. 150-00.

આ ગ્રંથમાં લેખકે મધ્યપ્રદેશ યુનિવર્સિટી ગ્રંથાલયોની સમસ્યાઓ અને તેના ઉપાય સૂચવ્યા છે. મધ્યપ્રદેશની ઉચ્ચશિક્ષણના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રંથાલયોની ઉચ્ચશિક્ષણમાં ભૂમિકા, કાર્યો, ઉદ્દેશ્યોનું વર્ણન કરવામાં આવેલ છે. યુનિવર્સિટી ગ્રંથાલયોનું નાણાંકીય સંચાલન, યુનિવર્સિટી ગ્રંથાલયના નાણાંના સ્ત્રોત, સિધ્ધાન્તો અને તેનો ખર્ચ, હિસાબો, ઓડિટનો તુલનાત્મક અભ્યાસ પ્રસ્તુત કરેલ છે. ગ્રંથાલયની વિવિધ પ્રકારની સેવાઓની ચર્ચા કરવામાં આવેલ છે. યુનિવર્સિટી ગ્રંથાલય ભવન, અને ભવન નિર્માણ સંબંધી વિવિધ માપદંડો અને કાર્યક્રમો તેમજ વિવિધ પ્રકારની ડિઝાઈનની ચર્ચા કરવામાં આવેલ છે. અંતે અભ્યાસ સંબંધિત તારણો અને ભલામણો કરવામાં આવેલ છે. જે સંશોધકને આધારભૂત સાબિત થશે.

20 **Tilak (JBG)**
Public Subsidies in Education in India, Economic and Political Weekly, 2004, Vol. 39 (4), pp. 343-359.

આ સામયિકમાં પ્રસ્તૃત કરેલ માહિતીના અભ્યાસમાં શિક્ષણ તમામ સ્તરે મહત્વપૂર્ણ છે અને તેઓ એકબીજા પર આધાર રાખે છે. ભારતમાં ઉચ્ચશિક્ષણક્ષેત્રે

ધિરાણ એ તમામ સ્તરે ગંભીર છે. જાહેર ખર્ચની સરખામણીમાં ઉચ્ચશિક્ષણક્ષેત્રે ખર્ચ અંગે વધુ ગંભીર રીતે સહન કરવું પડે છે, વિદ્યાર્થી દિઠ જાહેર ખર્ચ પર ૨૫ ટકાનો ઘટાડો થયલ છે. જયારે પ્રાથમિક શિક્ષણ સંપૂર્ણપણે રાજય સરકારના ફંડ હેઠળ કાર્યરત છે. ઉચ્ચશિક્ષણક્ષેત્રે અંદાજીત દરે સબસિડી અને ખર્ચ પુનઃ પ્રાપ્તિનો અભ્યાસ કરવામાં આવેલ છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સબસિડીઓના સ્તર દર્શાવે છે કે, તે ખૂબ જ ઉંચી નથી કે ખર્ચ પુનઃપ્રાપ્તિ દર પણ ઉંચા નથી. તે પણ જાણી શકાયુ છે કે, શિક્ષણમાં કેટલીક ચોકકસ સબસિડી ક્રમશઃ વ્યવસ્થિત વહેંચવામાં આવે છે. સદર અભ્યાસમાં ભારતના શિક્ષણમાં જાહેર સબસિડી શીર્ષક પરત્વે આર્થિક અને રાજકિય સામયિકમાં પ્રસિધ્ધ થયેલ લેખ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સંશોધનકર્તાને માર્ગદર્શકરૂપ બની રહેશે.

21 **Yash Pal Committee Report (2009).**

Committee to Advise on the Renovation and Rejuvenation of Higher Education, Ministry of Human Resources Development, New Delhi, 2009.

આ સમિતિના અહેવાલ મુજબ રાજયના ભંડોળને ઉચ્ચશિક્ષણક્ષેત્રે ધિરાણ એક મુખ્ય સ્ત્રોત તરીકે સ્વીકારી તેની ભલામણ કરી છે. તેમ છતાં પણ વિદ્યાર્થી નીચા વ્યાજ દરે લોન અને ગરીબ વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણનું પણ સૂચન કરેલ છે અને સાથે સાથે એવી પણ ભલામણ કરવામાં આવી છે કે, ઉચ્ચશિક્ષણક્ષેત્રે વિવિધ જાહેર અને ખાનગી સંસ્થાઓ ધ્વારા ધિરાણ સ્ત્રોતો માટે જાહેર અને ખાનગી બન્ને ક્ષેત્રોની સામૂહિક જવાબદારી હોવી જોઈએ. ઉચ્ચશિક્ષણમાં પુર્નગઠનના ચાર તત્વો દર્શાવવામાં આવેલ છે. (૧) શૈક્ષણિક હેતુઓ અને ઉદ્દેશ્યો સંરેખિત (૨) વહીવટી અને સહાયક સેવાઓને પુનઃ માળખાકૃત કરવી.(૩) પુનઃ આવશ્યકતાના સ્ત્રોતો નિયત કરવા. (૪) સ્ત્રોતો ફાળવણીની પુનઃબાંધણી કરવી. અંતે લેખકે, કેટલાક નીતિસૂચનોની રજૂઆત કરેલ છે. જે સંશોધકોને ઉપયોગી પૂરવાર થશે.

હિન્દી (ગ્રંથ)

૨૨ **गुप्ता (विश्वप्रकाश) और गुप्ता (मोहिनी)**
भारतमें सामाजिक और आर्थिक परिवर्तन । नइ दिल्ली, राधा पब्लिकेशन्स, २००६, पृ. ५२७, ७५०-००.

આ ગ્રંથમાં ભારતમાં સામાજીક અને આર્થિક પરિવર્તનમાં ભારતીય ઐતિહાસિક દ્રષ્ટિકોણના આધારે સમાજ અને અર્થ વ્યવસ્થાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે, પુસ્તકનો પ્રથમ ભાગ ભારતમાં સામાજીક પરિવર્તન અને બીજા ભાગમાં ભારતમાં આર્થિક પરિવર્તન વિષે માહિતી રજૂ કરવામાં આવેલ છે. ભારતમાં આર્થિક પરિવર્તનને પાંચ વિભાગમાં વહેંચવામાં આવેલ છે, યોજના, વિકાસના પગઠિયા, અર્થવ્યવસ્થાની નવીન પ્રવૃત્તિઓ, વિકાસનો માનવ પક્ષ અને પ્રક્રિયાની મુશ્કેલી. પંચવર્ષીય યોજનાઓની ટુંકમાં માહિતી રજૂ કરવામાં આવેલ છે તથા કેન્દ્રિય નાણાંમંત્રી, પી. ચિદમ્બરમનું સને ૧૯૯૭–૯૮ના અંદાજપત્ર પ્રસ્તૃત કરવા આપવામાં આવેલ ભાષણ સામેલ કરવામાં આવેલ છે.

